ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લી. ના લાભાર્થીઓને આપવાની સરકારશ્રીના ફાળાની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૪/૭૮૮૯૯/ન.બા.-૧૫/છ-૧
સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૩૧/૭/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૨૯/૧/૨૦૧૪નો પત્ર ક્ર-સસુખા/યજન/ન.બા./૨૦૧૩-૧૪/૩૧૧

## ઠરાવ :-

રાષ્ટ્રીય વિકલાંગ અને નાણા વિકાસ નિગમ , ફરીદાબાદ ની વિકલાંગોને ધિરાણ અંગેની માર્ગદર્શિકાના મુદ્દા નં.-૧૩ મુજબ, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લી. (સ્ટેટ ચેનલાઈઝીંગ એજન્સી – મારફત) રૂ.૧,૦૦,૦૦૦/- ઉપરનું ધિરાણ કરવામાં આવે તેમાં ૫ ટકા ફાળો ઉમેરી વિકલાંગ અરજદારને ૧૦૦ ટકા ધિરાણ કરવાનું થાય છે. આ માટે સને- ૨૦૧૩-૧૪ના વર્ષમાં રાષ્ટ્રીય વિકલાંગ અને નાણા વિકાસ નિગમ , ફરીદાબાદ દ્વારા રૂ.૩૧૧ લાખનો એકશન પ્લાન મંજૂર કરવામાં આવેલ છે. આ મંજૂર કરેલ રકમના ૬૦ ટકા રકમ એક લાખથી ઉપરનું ધિરાણ મેળવવા માટેની અરજીઓ માટે વાપરવામાં આવે તો રૂ.૧૮૬.૬૦ લાખની રકમની જરૂરીયાત ઉભી થાય. જેના ૫ ટકા લેખે રાજ્ય સરકારના ફાળાની રકમ માટે રૂ.૯.૩૩ લાખની નવી બાબતની દરખાસ્ત નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીએ ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) સામેના પત્રથી રજૂ કરેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે માંગણી ક્રમાંકઃ ૯૨ હેઠળના બજેટ સદર scw-8 –વિકલાંગોના કલ્યાણ માટેની યોજના (પ્લાન) માટેની રૂ.૯.૩૩ લાખની નવી બાબતની દરખાસ્તને નીચેની શરતોને આધિન રહીને આથી સરકારશ્રીની મંજૂરી (અંદાજપત્ર પ્રકાશન - ૨૪-૧, પાના નંબર -૧૬૪) આપવામાં આવે છે :-

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના અન્વયે નિયત કરેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજના અન્વયે ભારત સરકારની ગાઈડલાઈંસ મુજબ મળવાપાત્ર ગ્રાંટ મેળવવા પરત્વેની જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૦/૭/૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.મોદી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)

(૭) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લી. બ્લોક નં.-૧૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૯) સર્વે જિલ્લા હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૧૦) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૧) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અધિ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૩) સેકશન અધિકારીશ્રી, છ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય

(૧૪) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર... વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૫) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.